નમસ્કાર ગાંધીનગર

પમરાટ

પડછાયા ને પડઘા વચ્ચે ઊભા છીએ
સમીસાંજના તડકા વચ્ચે ઊભા છીએ
શેષ બચેલા ધબકારાનો પીછો પકડી
રાતદિવસની ઘટના વચ્ચે ઊભા છીએ

- સોલિડ મહેતા

પાથેય

- રમેશ ઠક્કર

અવતરણનો આનંદ...

ગઈકાલે ગુજરાતનો જન્મદિવસ હતો..આજે મારો જન્મદિવસ છે..આ એક પડાવ હોય છે..એની એકતરફ બાકી જિંદગીની પ્રતીક્ષા હોય છે...બીજી તરફ વીતેલા સમયની એક અનુભૂતિ હોય છે..મારો જન્મ નાનકડા ગામ કામલપુરમાં વૈશાખની બળબળતી બપોરે ગગુફોઈના નળિયાંવાળા ઘરમાં થયો હતો. મારી જનનીનું નામ બબીમા..એમની નેવુ વરસની વિકટ પથની આખરી સફર હમણાં જ પુરી થઈ.એમના જેવું નિષ્કપટ હૃદય હજુ સુધી મેં જોયું નથી..એમણે મને જીવનમંત્ર આપ્યો છે..'કોઈનું દિલ દુભવવું નહીં..માણસની ભુલ નહીં એની મુશ્કેલી જોવી..' નિરક્ષર બબીમા આ રીતે જોઈએ તો ગાંધીજીની સમકક્ષ ગણાય..! કેમકે ગાંધીબાપુ કહેતા કે 'મને માણસની 'સારપ'માં અખૂટ શ્રધ્ધા છે..' આ રીતે મારો પીંડ ઘડાયો છે..ગગુફોઈ ભરવાડ સમાજનાં.. મારા પિતાને સગાભાઈ જ માનતાં..મારા પિતાની અનેક મર્યાદાઓ હતી. પણ ગગૂફોઈ હંમેશાં એમની પડખે રહેતાં...આવો નિર્વ્યાજ પ્રેમ પામનાર મારા પિતા ગરીબ હોવા છતાં અમીર જ હતા...!

અવતરણ દિવસે કોઈ નવો સંકલ્પ લીધો નથી...ઘણા બધા સંકલ્પો સિલકમાં પડયા જ છે..પાર્થને કહો ચડાવે બાણ એવી પ્રતિબધ્ધતાની તલાશમાં છું. છતાં કોઈ વસવસો નથી..હમણાં સતત વાંચવાનું ચાલે છે.. 'સત્યના પ્રયોગો' ફરીથી નિરાંતે મનભરીને વાંચ્યું...ધૈવત ત્રિવેદીનાં બે પુસ્તકો વિસ્મય ૧ અને વિસ્મય ૨માંથી પણ પસાર થતો રહયો..નવા લેખકો પણ કમ નથી ! ગોરધન ભેસાણિયાનો વાર્તા સંગ્રહ 'નોળવેલ' હાથ ઉપર છે..કિરીટ દૂધાતની પ્રસ્તાવના બહુ સરસ છે..જોગાનુજોગ આ ત્રણેય લેખકો અમરેલી અને રાજુલા પંથકના વારસદારો છે જે એક સમયે મારી પણ કર્મભૂમિ રહી છે..સાહિત્ય હોય કે સરકારી સેવા મને હંમેશાં એમાં ખૂંપી જવાની ખ્વાહીશ રહે છે..મનને કાટ ન ચડી જાય એટલી જાગૃતિ અચુક રાખું છું...

હું ઉર્ધ્વગામી મન ધરાવું છું..મને સનસનાટીમાં રસ પડતો નથી. માણસની ચીસ કે ચચરાટી મને વ્યથીત કરી મુકે છે..હું માણસને એની તમામ મર્યાદાઓ સાથે ચાહવાનો સતત મહાવરો કરૂં છું..મને કયારેય એ બાબતે શિકાયત હોતી નથી..હજુસુધી એક પણ માણસ તરફથી મારી શ્રધ્ધા ડગમગી જાય એવું બન્યું નથી...આ નિખાલસ એકરાર છે..થોડા સમય પંડિત સુંદરલાલ લિખીત અને કિશોરલાલ મશરૂવાળાએ સંપાદન કરેલ પુસ્તક 'હજરત મહંમદ અને ઈસ્લામ' પણ વાંચ્યું. એમાં મહમદ સાહેબના પ્રસંગો અને વાણી મનુષ્યત્વના ઉત્તુંગ શિખરોનાં દર્શન કરાવે છે... વાંચન એ મારા માટે જીવવાનું ચાલકબળ છે..વિર સાવરકરની આત્મકથા વાંચવાની પણ એવી જ મજા આવી હતી.

આજના દિવસે મને અનેક મિત્રો વડીલો અને વાચકમિત્રો તરફથી અઢળક પ્રેમ અને સંદેશાઓ મળતા રહે છે.. હકિકતમાં આ જગતમાં પરસ્પરના પ્રેમથી વધીને મોટો કોઈ ઉપહાર જ નથી..આપણી ભાષાના ગજાવર લેખક 'ધૂમકેતુ ' એમની 'પોસ્ટઓફિસ' વાર્તામાં એક સરસ વાકય મુકે છે.. 'માણસ પોતાની દ્રષ્ટિ છોડી બીજાની દ્રષ્ટિથી જોતો થાય તો જગતની અડધી સમસ્યાઓ આપોઆપ ઉકેલાઈ

અનુસંધાન પાના નં. ૭ પર

ચૂંટણીનાં પડઘમ વાગી રહ્યાં છે

તંત્રીસ્થાનેથી...

રાજકારણીઓ સંપૂર્ણ સત્ય કયારેક ઉચ્ચારતા નથી. યુધિષ્ઠિર તો ધર્મરાજા કહેવાતા હતા. એમને પણ કુરુક્ષેત્રમાં ખુદ કૃષ્ણની પ્રેરણાથી અર્ધસત્ય બોલવું પડ્યું હતું. એમને 'અશ્વસ્થામા હતો' એવા ગુરુદ્રોણના પ્રશ્નનો જૂઠો જવાબ આપવો પડ્યો હતો. મરાયો હતો એ તો અશ્વસ્થામા નામનો હાથી હતો. પણ દ્રોણે માની લીધું કે યુધિષ્ઠિર કહી દીધું જૂઠું ન બોલે. પોતાની જ નજરમાં પડી ન જવાય એટલા સારું યુધિષ્ઠિર, મનોમન, ગુરુ દ્રોણના વૃદ્ધ કાન સાંભળે નહીં એટલા ધીમા અવાજે બબડ્યા હતા : નરો વા કુંજરો વા. ગુજરાત પર ભારતીય જનતા પાર્ટીના કેન્દ્રીય નેતૃત્વ દ્વારા ધોમધમતા તાપમાં જે ધોંસ બોલાવાઈ છે તે સૂચક છે. નરેન્દ્ર મોદી અમથા આંટાફેરા નથી મારતા. જે.પી. નડ્ડાએ પાર્ટીના મહત્ત્વના આગેવાનો સાથે જે ગોષ્ઠિ કરી તે અકારણ નહોતી. પાટિલ અને મુખ્યમંત્રી પટેલ સાથે ૨૦૧૭ કરતાં વધુ સારો દેખાવ કરવાની ફરજ તોળાઈ રહી છે. માધવસિંહ સોલંકીના વિક્રમને ઓળંગીને દોઢસો બેઠકો જીતવા માટેનું માઈક્રો પ્લાનિંગ ચાલી રહ્યું છે. અમિત શાહ અને આનંદીબેનનાં જૂથો સાથે મળીને એ લક્ષ્યાંક આંબવા માગે છે. આમ આદમી પાર્ટીના ઉમેદવારો કેટલાક ઠેકાણે નુકશાન પહોંચાડી શકે એમ છે એની પ્રતીતિ પણ નેતાગીરીને થઈ ચૂકી છે. કોંગ્રેસ ભાંગ્યું ભાંગ્યું તોય ભરુચ છે. છેલ્લે કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય અને વડગામ વિધાનસભા વિસ્તારમાં સારી લોકપ્રિયતા ધરાવતા મણિલાલ વાઘેલાને કેસરિયો પહેરાવાયો છે. જિગ્નેશ મેવાણીને એના જ મતવિસ્તારમાં હરાવી લેવાની વ્યૂહરચના ગોઠવાઈ છે. ખેડબ્રહ્મા વિજયનગરના લોકપ્રિય કોંગ્રેસી ધારાસભ્ય અશ્વિન કોટવાળ કેસરિયો પહેરી લેવા થનગની રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિશ્વાસુ અનુચર પ્રફુલ્લ પટેલે ખેલ પાડી દીધો છે. ગુજરાત દિવસની પૂર્વ સંધ્યાએ જ દિલ્હીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી અમિત શાહ, પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ જે પી નડ્ડા તથા મોદીના ટોપ બ્યુરોક્રેટ્સ સહિત મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તથા પ્રદેશ પ્રમુખ પાટિલ તથા ભૂપેન્દ્ર પટેલ મંત્રીમંડળના નંબર ટુ રાજેન્દ્ર ત્રિવેદીની હાજરીમાં ગુજરાતની ચૂંટણી વિશે વિગતવાર ચર્ચાવિચારણા હાથ ધરાઈ હતી તે સૂચક છે. ચૂંટણી કમિશનરથી લઈ પોલીસ તંત્ર અને આઈએએસ અધિકારીઓની અદલાબદલીના નિર્ણયો લેવાઈ ચૂક્યા છે અને પાટણ ખાતે ઊજવાઈ રહેલ રાજયોત્સવ પ્રસંગે અનેક લોક કલ્યાણકારી યોજનાઓ ઉપરાંત ખેડૂતોને ખુશ કરવાના નુસખા અજમાવાઈ રહ્યા છે. ગુજરાત પર છેક ૧૯૯૫થી એક હથ્થુ કબજો ધરાવતી પાર્ટી સામે દેખીતી રીતે જ પ્રજામાં નારાજગી છે. 'એન્ટિ ઈન્કમ્બન્સી'નો મુદ્દો જ ન રહે એ માટે મોદીએ આખેઆખી રૂપાણી સરકારને ઘરભેગી કરી દઈને સાવ કોરી સ્લેટ જેવા ભલાભોળા અમદાવાદી - મૂળે ઉત્તર ગુજરાતના પાટીદારને નવા સુકાની બનાવ્યા છે. ચૂંટણી વ્યૂહના પ્રખર જાણતલ સી આર પાટિલે 'પેજ પ્રમુખો'ની સેના ઊભી કરીને ઘેર ઘેર ભાજપનો કેસરિયો લહેરાવ્યો છે. કોંગ્રેસ એનું ઘર જ સરખું કરી શકતી નથી. જેટલા આગેવાનો છે એટલાં જૂથો છે. એવો એક પણ ચહેરો કોંગ્રેસ પાસે નથી જેને ગુજરાતની પ્રજા ઉમળકાભેર મુખ્યમંત્રી તરીકે ચૂંટી મોકલવા ઉત્સુક હોય. ભાજપ પાસે ભૂપેન્દ્ર પટેલ તો એક મહોરું છે. ચૂંટણી મોદીના નામે જ લડાતી અને જીતાતી રહી છે. હિંદુત્વના મુદ્દા પરત્વે ગુજરાત શરૂથી જ અતિ સંવેદનશીલ રહ્યું છે. ગોધરાકાંડ પછી જ મોદી ગુજરાતની પ્રજાના હૈયાના હાર બન્યા હતા અને એ જ મદ્દે વડાપ્રધાન પદ સુધી પહોંચ્યા હતા. હવે તો એમાં અયોધ્યા - કાશ્મીર જેવા મુદ્દા ઉમેરાયા છે. ઉત્તરપ્રદેશ સહિતનાં ચાર રાજયોમાં એ મુદ્દા જ ભાજપને સત્તા પર પુનઃ સ્થાપિત કરવામાં મદદરુપ નીવડ્યા હતા. હજી કોમન સિવિલ કોડ જેવો હુકમનો એક્કો ઊતરવો બાકી છે. અનેક મુદ્દે નિષ્ફળ ગઈ હોવા છતાં કેન્દ્ર સરકારને ઊજળી કરી બતાવવામાં મૂળે 'પ્રચારક' પ્રધાનમંત્રી સફળ થયા છે. ગુજરાત એમની મૂળ રગ છે. એને તો સાચવી જ લેવું પડે. નરેશ પટેલ- હાર્દિક પટેલ વગેરેની પળોજણમાંથી નહીં પરવારેલી કોંગ્રેસ અને જનાધાર નહીં ધરાવતી આમ આદમી પાર્ટી કાંઈ કાઢે એ પહેલાં જ ચૂંટી આપી દેવામાં ભાજપની નેતાગીરીને શાણપણ વરતાઈ રહ્યું છે લાગે છે.

નાની બાબતો જ્યારે જીવનમાં મોટો રચનાત્મક લાભ કરાવી આપે

પહેલું કિરણ
રમેશ તન્ના

એક શાળામાં એક શિક્ષિકાબહેને નવમા ધોરણમાં ભણતા વિદ્યાર્થીઓને બે મોટા કાગળ આપ્યા. એ પછી તમામ વિદ્યાર્થીઓને નામ લખવાનું કહ્યું. દરેક નામની સામે તેમજ નીચે બે લીટી ખાલી રાખવાની સૂચના આપી.

વિદ્યાર્થીઓને નવાઈ લાગી. શિક્ષિકાબહેન કેમ આવું કરાવે છે તેવી જીજ્ઞાશા પણ થઈ.

એ પછી શિક્ષિકાબહેને દરેક વિદ્યાર્થીના નામની સામે જે-તે વિદ્યાર્થીના સૌથી સારા ગુણ યાદ કરીને લખવાનું કહ્યું. વર્ગના દરેક વિદ્યાર્થીને, પોતાના વર્ગમાં ભણતા તમામ વિદ્યાર્થીઓના સારા ગુણ યાદ કરીને લખવાના હતા. વાર તો લાગે જ ને! વળી મર્યાદાઓ નહીં, પરંતુ ગુણ લખવાના હતા.આ એક નવો પ્રયોગ હતો. દરેક વિદ્યાર્થીએ પોતાના સહાધ્યાર્થીઓના સદ્ગુણ યાદ કરી કરીને લખ્યા.

એ પછી શિક્ષિકાબહેને કાગળ લઈ લીધા. આ પ્રયોગ એક કલાક ચાલ્યો.

અઠવાડિયાના અંતે શિક્ષિકાબહેને દરેક વિદ્યાર્થીના નામ વાળો એક એક કાગળ તૈયાર કર્યો. એ પછી દરેક વિદ્યાર્થીએ જે તે વિદ્યાર્થી માટે કેવી સરસ વાતો લખી હતી તે દરેક વિદ્યાર્થીને આપવામાં આવી. શિક્ષિકાબહેને આ માટે ખૂબ મહેનત કરી હતી.

દરેક વિદ્યાર્થીના હાથમાં જે કાગળ હતો તેમાં આખા ક્લાસના વિદ્યાર્થીઓ એટલે કે પોતાના સહાધ્યાર્થીઓ પોતાના વિશે શું માને છે તેનો આલેખ હતો.

દરેકે દરેક વિદ્યાર્થી કાગળ વાંચીને ચકિત થયો. દરેકના ચહેરા પર આનંદ અને આશ્ચર્ય છવાઈ ગયાં. વર્ગના બાકીના વિદ્યાર્થીઓ પોતાના વિશે આટલી સારી લાગણી ધરાવે છે એ જાણીને દરેકને ખૂબ સારું લાગ્યું. દરેકના મોઢામાંથી આનંદના ઉદ્ગારો સરી પડ્યા.

અરે ભગવાન, બધા મારા વિશે આટલું સરસ વિચારે છે એની તો મને કલ્પના પણ નહોતી. કેટલાક વિદ્યાર્થીઓની આંખોમાંથી આંસુ પણ આવી ગયા. ઘણા તો માની જ શકતા નહોતા કે, મારામાં આટલા બધા ગુણો છે. એ દિવસે ઘણાને પોતાના સદ્ગુણોની ખબર પડી.

શિક્ષિકાબહેને ધ્યાન એ રાખ્યું હતું કે કોણે કોના વિશે શું લખ્યું હતું તે કોઈ જાણતું નહોતું. કોઈની લાગણી ન દુભાઈ જાય તેનું તેમણે ધ્યાન રાખ્યું હતું.

વર્ષો વીતી ગયા. એ શહેરમાં એક વિદ્યાર્થી આગળ જતાં સૈનિક બન્યો હતો અને કારગિલ યુદ્ધમાં શહીદ થયો હતો. તેનો પાર્થિવ દેહ લાવવામાં આવ્યો. એ જવાંમર્દને શ્રદ્ધાંજલિ આપવા શહેરના લોકોની સાથે પેલાં શિક્ષિકાબહેન પણ આવ્યાં હતાં. તેમણે અશ્રુભીની શ્રદ્ધાંજલિ આપી. અન્ય એક સૈનિક એ બહેન પાસે આવ્યો. બોલ્યો, બહેન તમે વિજયસિંહ નામના નવમા ધોરણના વિદ્યાર્થીનાં વર્ગ શિક્ષક છો ? બહેને હા પાડી. એ સૈનિકે કહ્યું કે, વિજયસિંહ તમને વારંવાર પ્રેમથી યાદ કરતો હતો. વિજયસિંહનું મૃત્યુ થયું ત્યારે અમને તેના ખીસ્સામાંથી આ કાગળ મળ્યો છે. એ કાગળ પર વિજયસિંહે પોતે સ્વહસ્તાક્ષરમાં લખ્યું હતું કે, નવમા ધોરણનાં આદરણીય વર્ગશિક્ષક તરફથી મળેલી સર્વોત્તમ ભેટ.

સેલોટેપ વડે ઠેકઠેકાણેથી એ કાગળ ચોંટાડવામાં આવ્યો હતો. હજારો વખત એ કાગળ ખોલવામાં આવ્યો હતો અને ગડીબંધ કરાયો હતો. કાગળ જોઈને શિક્ષિકાબહેન ગળગળાં થઈ ગયાં. એ પેલો જ કાગળ હતો જે એક દિવસ તેમણે પોતાના વર્ગના દરેક વિદ્યાર્થીને, એમના વિશે બીજા વિદ્યાર્થીઓ સારું શું વિચારે છે એ નોંધીને આપ્યો હતો.

અન્ય એક સૈનિકે કહ્યું, બહેન વિજયસિંહ કાયમ એમ કહેતો હતો કે, આ કાગળ મારા જીવનની સૌથી મૂલ્યવાન ભેટ છે. એ જ વખતે અન્ય એક યુવતિ ત્યાં આગળ આવી અને તેણે શિક્ષિકાબહેનને કહ્યું કે, બહેન મારા પતિએ પણ આવો જ કાગળ મઢાવીને ઘરમાં રાખ્યો છે. મારા પતિએ અમારા લગ્નના આલ્બમમાં સૌથી પહેલા પાને આ કાગળની ઝેરોક્ષ મઢાવીને રાખી છે. અન્ય એક યુવકે કહ્યું કે હું તો હંમેશાં વિજયસિંહની જેમ આ કાગળ મારા ગજવામાં રાખું છું.

કેટલી સરસ વાત ! એક શિક્ષિકાબહેને કરેલો ઉમદા પ્રયોગ તેમના તમામ વિદ્યાર્થીઓના જીવનમાં કેટલું મોટું રચનાત્મક પરિવર્તન લાવ્યો ?

જિંદગીમાં પોઝિટિવ દૃષ્ટિકોણથી જ્યારે વિચારવામાં આવે છે ત્યારે તેનાં સુંદર પરિણામો અચૂક આવે છે. બીબાઢાળ વિચારોને બદલે સર્જનાત્મક પ્રયોગો ઉત્તમ પરિણામ લાવતા હોય છે.

ગોધૂલિ :

સેલોટેપ હોય કે સંબંધ કશાનો પણ છેડો એવી રીતે ન છોડી દેવો કે ફરી તેને શોધવા ખોતરવું કે કાપવું પડે.

દિન મહિમા

- ચુનીલાલ શાહ જન્મજયંતિ, ગુજરાતી સાહિત્યકાર.

આજનું

ઔષધ

- ગરોળી કરડે તો સરસીયું તેલ અને રાખ મેળવીને ચોપડવાથી ઝેર મટે છે.

ખડખડાટ

- Facebook : હું બધાને જાણું છું.
Google : મારી બાસે બધું છે.
Internet : મારી વગર તો બધા કાઈ જ નથી.
ચાર્જર : અવાજ નીચે...!!!

આજનો

વોટ્સએપ

- પહેલાં બે માણસ ઝઘડતા ત્યારે ત્રીજો છોડવવા આવતો... જયારે આજે જમાનો એવો ચાલ્યો કે ત્રીજો વીડિયો ઉતારવા આવે છે.

જિંદગીને જેવી છે તેવી જ ચાહવાની અને માણવાની તમને ટેવ પડી જશે

WhatsApp ઑફ ધી વીક
નેહલ ગઢવી

ટોચની હો કલ્પના ક્યાં તળ વગર !
શક્યતા ક્યાં વૃક્ષની ફૂંપળ વગર !
છાપ સિક્કાની મને બંને ગમે
માત્ર તું એને ઉછાળે છળ વગર !
પુષ્પ છું પરવા નથી શણગારની
ફક્ત ફોરમ આપ તું ઝાકળ વગર !
આભને પણ છે વિચારોનાં દુઃખો
ક્યાં રહે પળવાર એ વાદળ વગર !
એક એવા રણ વિષે કલ્પી જુઓ
દોડવાનું હોય જ્યાં મૃગજળ વગર !
પૂર્ણતા પુરવાર કરવા શું કરે !
દ્વારને હોવું મળે સાંકળ વગર !
વીજ જાણે આભ હ્સ્તાક્ષર કરે !
હાથ, શાહી કે કલમ, કાગળ વગર !

- ગૌરાંગ ઠાકર

કેટલાક લોકો યુવાનોની ખુશામત કરે છે અને માને છે કે યુવાનોને અમે પ્રેરણા આપીએ છીએ. પણ ખુશામત એ શરાબ છે, તેથી શૂર ચડાવવા માટે પછી દર વખતે તેને વધુ ને વધુ મોટો ડોઝ આપવો પડે છે.

આજના આ સમયમાં બહારથી બધું ટીપ-ટોપ અને સારું સારું અને અંદરથી સાવ ખોખલું છે. જો કે, કેટલાક યંગસ્ટર્સ તોછડા લાગે એટલી હદે પ્રામાણિક પણ છે. પોતાનો ગમો-અણગમો તરત જ વ્યક્ત કરી દે છે. આજની આ જનરેશન તર્કમાં માને છે. જો તેમની દરેક બાબતોનો સંતોષકારક જવાબ આપવામાં આવે તો તેમના ગળે એ વાત તરત જ ઉતરી જાય અને તેઓ આજીવન એને વળગી પણ રહે છે. તેમને ખોટી પ્રશંસાના રવાડે ચડાવવા એ આખાયે સમાજને ગેરમાર્ગે દોરવા જેવું ભયજનક છે. નોનવેજ ખાવું અને રીક્ર પીવું એ જાણે એક ફેશન સ્ટેટમેન્ટ બની ગયું છે. પણ જો નવયુવાનોને પોતાની મેળે જ શાકાહારી બનવાના ફાયદાઓ સમજાઈ જાય તો તેઓ માંસાહારનો સ્વેચ્છાએ ત્યાગ કરે છે. વનસ્પતિમાં જે પ્રોટીન રહેલું છે તે પહેલાં કોઈ પશુ ખાય, ને પછી તે પશુનું માંસ માનવી ખાય, તો મૂળ પ્રોટીનનો ફક્ત દસમો ભાગ માણસના પેટમાં પહોંચે છે. પ્રોટીન મેળવવાનો આ તો અત્યંત ખર્ચાળ રસ્તો કહેવાય - વળી જો બધા લોકો માંસાહારનો ત્યાગ કરે તો આજના કરતાં ત્રણગણી વસ્તી પૃથ્વી પર પોષાઈ શકે, અથવા આજની વસ્તીને આજના કરતાં ત્રણ ગણો પોષણદાયી ખોરાક મળી શકે. આ ઉપરાંત આખા ગ્રુપમાં એક કે બે વ્યક્તિ જયારે આલ્કોહોલ અને નોનવેજનો ત્યાગ કરે અથવા ન લે ત્યારે આપોઆપ અન્ય મિત્રોને પણ એક સકારાત્મક વિચાર મળે છે અને એ જ આપણી સંસ્કારિતા અને કેળવણીનું સાચું પ્રમાણ છે.

નિયમિત રીતે આલ્કોહોલનું સેવન કરવા માત્રથી તે વ્યક્તિ અછૂત, વર્ષ કે દોષિત બની જાય છે તેમ માનવું સદંતર ભૂલભરેલું છે. પણ આલ્કોહોલનું સેવન જયારે એક અભિવ્યક્તિના માધ્યમ તરીકે થાય ત્યારે સમસ્યા સર્જાય, પાશ્ચાત્ય સંસ્કૃતિના આંધળા અનુકરણ કરનારા આપણે અંદરથી હજી પણ ટીપીકલ ઈન્ડિયન જ હોવાને કારણે આલ્કોહોલને પચાવી કે જીરવી શકતા નથી. અને એટલે જ આપણે આલ્કોહોલ એ એક સામાન્ય પીણા તરીકે નહીં પણ એક laxative (રેચક) તરીકે લઈએ છીએ. પ્રેમ, નફરત, ગુસ્સો કે ઘૃણા જે આપણે કોઈની સામે વ્યક્ત કરતાં અચકાતા હોઈએ એ આલ્કોહોલના સેવન બાદ સરળતાથી કરી શકીએ છીએ એમ આપણું માનવું છે જે સદંતર વાહિયાત અને બાલિશ બાબત જ ગણાય. આપણી ભાવનાઓ કે ઈચ્છાઓ પ્રદર્શિત કરવા આપણે પોતે જ સક્ષમ હોવા જોઈએ. શ્રી કાકા કાલેલકર લખે છે કે, લોકો પોતાનું પાપ છુપાવે છે, એના કરતાં પોતાની નિરાશા અને પોતાનો થાક માણસે છુપાવવો જોઈએ. પાપ ઉઘાડું કરવાથી એનું ઝેર નીકળી જાય છે; પણ થાક અને નિરાશા વ્યક્ત કરવાની સાથે વધે છે અને પ્રતિષ્ઠિત થવા માગે છે.''

આજના આ સમયમાં ઈમોશનલી કોઈનું શોષણ કરનારા લોકોનું પ્રમાણ વધ્યું છે. પોતે હતાશ છે કે નિરાશ છે એવું ૧૦ માંથી ૭ વ્યક્તિઓનું માનવું છે. થોડા ઘણા અંશે તે સાચું પણ હશે પણ પ્રશ્ન ત્યારે ઉદ્ભવે જયારે વ્યક્તિ પોતાની એ નિરાશા અને હતાશાને સાધનરુપે વાપરીને સહાનુભૂતિ કે પ્રેમ મેળવવાની ઝંખના કેળવે. તેને પોતાની આ નબળાઈ પ્રત્યે લોકોનું ધ્યાન અને attention મેળવવાની ઝંખના જાગે. અને આવા સમયે જો તેને પૂરતું attention કે ધ્યાન ન મળે તો તેની નિરાશા અને હતાશા વધુ ઘેરી બની જાય છે. સૌ પ્રથમ તો જીવનમાં આવતી નાની-મોટી સમસ્યાઓનું સમાધાન કરવાની અને તેનો સામનો કરવાની વ્યક્તિની પોતાની ક્ષમતા હોવી જરૂરી છે અને તેમ છતાં જો સંજોગો વધુ પ્રતિકૂળ બને તો પણ અન્ય જગ્યાઓએ તેનો દેખાડો કરવાથી પરિસ્થિતિ સુધરવાને બદલે વધુ વણસી શકે છે.

તમે કયા પ્રકારનું વાંચન કરો છો અને તમારી આસપાસ કેવા પ્રકારના લોકો છે તેનો સૌથી વધુ પ્રભાવ વ્યક્તિના વ્યક્તિત્વ પર પડે છે. Friend Circle પરથી અને વ્યક્તિના વાંચન પરથી તે કેવા પ્રકારનો છે તેનું અનુમાન કરી શકાય. તમે જે વાંચન કરી રહ્યા છો કે જે મિત્રો સાથે બેસો છો તે યોગ્ય છે કે નહિ તે જાણવા માટે તમારી જાતને પ્રશ્ન કરવો કે આ વાંચન અને કંપનીથી તમારા વિચારોમાં સકારાત્મક પરિવર્તન આવ્યું છે? તમે આજે જે છો તેનાથી વધુ વિનમ્ર, helping કે caring વ્યક્તિ બન્યા હો તો તમારું વાંચન તેમજ સંગ બંને ઉત્તમ પ્રકારનો છે તેમ માનવું. પણ જો તમે જે કંપનીમાં છો તેનાથી તમે વધુ નકારાત્મક, નિરાશાવાદી અને તોછડા થઈ રહ્યા હો તો તમારે તમારું વાંચન તેમજ કંપની બંને વહેલામાં વહેલી તકે બદલવાની જરૂર છે. અને હા, ઉતાવળમાં આવીને ત્યાગી ન બનશો. પણ જેટલું તજો એ ઉત્સાહથી તજજો અને એ ત્યાગ શોભાવજો. ત્યાગ કરવા કરતાં ત્યાગને લાયક બનવું ઘણું કઠણ છે. નકામી વસ્તુઓનો ત્યાગ કરવો, એ સિદ્ધાંત જ્ઞાનસંગ્રહમાં પણ જરૂરી છે. જયારે તમને તમારું જીવન સંપૂર્ણપણે સમજાઈ જશે અને તમે એનો સંપૂર્ણપણે સ્વીકાર કરી લેશો ત્યારથી તમને જીંદગીનો નશો ચડી જશે, ઈશ્વરની રચેલી આ સૃષ્ટિનો નશો ચડવા લાગશે. વાસ્તવિકતાથી દૂર ભાગવાની કે સ્વપ્રની દુનિયામાં રાચવાની કોઈ જરૂરિયાત જ નહિ રહે. જિંદગીને જેવી છે તેવી જ ચાહવાની અને માણવાની તમને ટેવ પડી જશે. જાતને આનંદમાં રાખવા કોઈ નશીલા પદાર્થોનો સહારો લેવાની જરૂર નહિ રહે. મનગમતા પુસ્તકોના વાંચનનો જ નશો ચડશે અને મનગમતાં મિત્રોના સંગાથનો પણ નશો ચડશે.

Last Seen :

અજ્ઞાન દૂર કરવા માટે હજાર વરસની જરૂર નથી. ખોટા ખ્યાલો ને ભ્રમણાનો છોડી દેતાં ઘણી વાર લાગે છે પણ અજ્ઞાન તો પોલાણ જેવું છે, એને દૂર કરતાં વાર નથી લાગવાની. કોઈ ઓરડીમાં બસો વરસનું અંધારું હોય, પણ બારણું ખોલો એટલે અંધારું હતું ન હતું થઈ જાય.

- nehalgadhavi101@gmail.com

જો અનામત ઉમેદવારનું મેરીટ જનરલ કરતા વધારે હોય તો જનરલ ક્વોટા માટે હક્કદાર : સર્વોચ્ચ ન્યાયાલય

અનામત કેટેગરીનાં ઉમેદવાર જનરલ કેટેગરીની એટલે કે બીન અનામત કેટેગરીની સીટ માટે દાવો કરી શકે છે

કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

આપણા ભારતનાં બંધારણનાં ભાગ-૧૬માં આર્ટીકલ-૩૩૦ થી ૩૪૨ સુધી અનુસૂચિત જાતિઓ અને આદિજાતીઓ સંબંધિત કેટલીક ખાસ જોગવાઈઓ કરવામાં આવી છે. જેમાં લોકસભામાં તથા રાજ્યોની વિધાનસભાઓમાં અનૂસુચિત જાતિઓ અને આદિજાતિઓ માટે બેઠકો અનામત રાખવા, બેઠકો અનામત રાખવાનું અને ખાસ પ્રતિનિધિત્વ આપવાનું ૬૦ વર્ષ પછી બંધ કરવા બાબત, સેવા અને જગ્યાઓ માટે અનુસૂચીત જાતિઓ અને આદિજાતિઓનાં દાવા જેવી વિવિધ પ્રકારની ખાસ જોગવાઈઓ કરવામાં આવી છે.

તાજેતરમાં જ સર્વોચ્ચ ન્યાયલયે આવી જ એક જોગવાઈ સંબંધી એક મહત્વનો ચુકાદો આપ્યો છે, જે ચુકાદો સરકારી ભરતીઓમાં આનમત તથા બીનઅનામત જગ્યાઓની ફાળવણી તથા તેની પરીક્ષા સંબંધે થતું મેરીટને અનુલક્ષીને આપવામાં આવ્યો છે.

વર્ષ ૨૦૦૮માં, બી.એસ.એન.એલ. દ્વારા રાજસ્થાનમાં ટેલિકોમ ટેકનીકલ આસિસ્ટન્ટની જગ્યાઓ માટે ભરતી કરાઈ હતી. અન્ય એક આનમત કેટેગરીના(ઓ.બી.સી.) ઉમેદવારે અરજી કરી હતી કે, બે ઓ.બી.સી. ઉમેદવારોનું મેરીટ સામાન્ય કેટેગરીનાં છેલ્લાં રેન્કનાં ઉમેદવાર કરતાં વધારે છે, આથી આ બંને ઉમેદવારોને જનરલ કેટેગરીમાં નિયુક્ત કરવામાં આવે, ત્યારબાદ જે જગ્યા ખાલી હોય તેને અનામત વર્ગનાં ઉમેદવારો દ્વારા ભરવામાં આવે. જેથી જોધપુરની સેન્ટ્રલ એડમિનિસ્ટ્રેટિવ ટ્રિબ્યુનલ(સી.એ.ટી.)એ ઓ.બી.સી.નાં બે ઉમેદવારોનું મેરિટ સામાન્ય કેટેગરીનાં ઉમેદવારો કરતાં વધારે હતું, તેઓને જનરલ કેટેગરીમાં નિમણૂક આપવા સાથે અનામત કેટેગરીની ખાલી જગ્યાઓને અનામત કેટેગરીનાં ઉમેદવારો સાથે ભરવાનો આદેશ આપ્યો હતો.

ટ્રિબ્યુનલના આ નિર્ણય સામે બી.એસ.એન.એલ. દ્વારા હાઈકોર્ટમાં રિટ પીટીશન દાખલ કરવામાં આવી હતી, જ્યાં તેની અરજી ફગાવી દેવામાં આવતા, બી.એસ.એન. એલ. એ સર્વોચ્ચ ન્યાયાલયનાં દરવાજા ખખડાવ્યાં હતા.

સર્વોચ્ચ ન્યાયાલયે નોધ્યું કે, કોઈપણ સીધી અનામત કેટેગરીનાં ઉમેદવારો ઓપન અથવા સામાન્ય શ્રેણીમાં પસંદ કરવા માટે હક્કદાર છે અને એવું પણ જોવામાં આવ્યું છે કે, જો અનામત શ્રેણીમાં આવા ઉમેદવારો તેમની યોગ્યતાનાં આધારે પસંદગી માટે હક્કદાર છે, તો તેમની પસંદગીને તે શ્રેણીઓ સામે ધ્યાનમાં લેવામાં આવશે, તેઓ જે સાથે સંબંધ ધરાવે છે. તેના માટે અનામત ક્વોટામાં ગણી શકાય નહિ, વધુમાં સવોચ્ચ અદાલતુ નોંધ્યું કે, અંતિમ સામાન્ય કેટેગરીનાં ઉમેદવારો કરતાં વધુ માર્ક્સ કે ગુણ મેળવનાર અનામત કેટેગરીનાં ઉમેદવારો બિન અનામત કેટેગરીમાં સીટ/પોસ્ટ મેળવવા માટે હક્કદાર છે. ક્ષૈતિજ અનામત લાગુ કરતી વખતે પણ, મેરીટને પ્રાધાન્ય આપવું જોઈએ અને જો એસ.સી., એસ.ટી. અને ઓ.બી.સી.નાં ઉમેદવારોએ ઉચ્ચ ગુણ મેળવ્યા હોય અથવા વધુ મેરીટોરીયસ હોય, તો તેમને બિનઅનામત ઉમેદવારોની બેઠકો સામે ધ્યાનમાં લેવા જોઈએ. અનામત કેટેગરીનાં ઉમેદવારનો બિનઅનામત કેટેગરીની બેઠકો માટે દાવો કરી શકે છે. જો તેમની યોગ્યતા અને મેરીટ યાદીમાં સ્થાન તેમને આમ કરવા માટે હક્કદાર બનાવે છે.

સર્વોચ્ચ અદાલતની જસ્ટિસ એમ.આર.શાહ અને જસ્ટિસ બી.વી. નાગરત્નાની ખંડપીઠે અવલોકન કર્યું કે, જ્યારે બે અનામત કેટેગરીનાં ઉમેદવારો જનરલ કેટેગરીમાં નિયુક્ત કરવામાં આવશે, તો તેની પર વિવાદ થવો જોઈએ નહિ, કે પહેલે થી કામ કરી રહેલા જનરલ કેટેગરીમાં બે વ્યક્તિઓને કાઢી મૂકવામાં આવ્યા, તેઓ લાંબા સમયથી કામ કરતા હોવાથી તેમને નોકરીમાંથી કાઢી મૂકવા જોઈ